eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 228
May 14, 2010

## માહે એપ્રિલ ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમા માહે એપ્રિલ ૨૦૧૦ દરમ્યાન ૩૫૮૮ ઈન્ડોર તથા ૩૭૨૬૦ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૭૪૩ તથા ૫૦૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) ની કામગીરી

વેસુ–આભવા રોડ ૫૨ના રે.સર્વે નં. ૪૧૦/૧,૪૧૦/૨,૪૧૫/૧ તથા રે.સર્વે નં. ૪૨૭ના અનુક્રમે ઓ.પી.નં. ૧૨૭/૧,૧૨૭/૨,૧૨૬ તથા ૧૨૫ની ૨૪.૦૦ મી.ના વેસુ–આભવા રોડની કપાત હેઠળની ૩૦૦ ચો.મી. તેમજ ઓ.પી. નં. ૧૨૫ ની ૪૫.૦૦ મી.ના વી.આઈ.પી. રોડની કપાત હેઠળની ૨૪૦૦ ચો.મી. જગ્યા મળી કુલ ૨૭૦૦ ચો.મી. રસ્તાની જગ્યા સહીત અનામત પ્લોટ નં. ૨૨૪ – "સ્કુલ" ના હેતુસરની ૮૦૦૫ ચો.મી. જગ્યાનો કબજો લેવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## કતારગામ અને રાંદેર ઝોનમાં ઓપરેશન હેલ્થ કેર અંતર્ગત ઝુંબેશ

સુ.મ.પા.ના કતારગામ અને રાંદેર ઝોનમાં ડે.કમિશનર(હે. એન્ડ હોસ્પિ.) તરફથી પ્રિમોન્સુન અને હેલ્થ કેર સંદર્ભે કરવામાં આવેલ હુકમ અનુસાર આ બંન્ને ઝોનમાં માહે એપ્રિલ–૨૦૧૦ દરમિયાન ઘનિષ્ઠ ઝુંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવેલ અને તે દરમિયાન નીચે મુજબ પગલા લેવામાં આવેલ ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## ભારત સરકારશ્રીના "નેશનલ અર્બન સેનીટેશન પોલીસી" ધ્વારા સેનીટેશનની કામગીરીમાં સુરત દેશમાં ત્રીજા ક્રમે આવ્યું

"નેશનલ અર્બન સેનીટેશન પોલીસી" ભારત સરકારશ્રી ધ્વારા વર્ષ ૨૦૦૮માં જાહેર કરવામાં આવેલ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૦૯માં સેનીટેશનને લગતા જુદા જુદા ક્ષેત્રો જેવા કે ડ્રેનેજ, સુવરેજ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વોટર સપ્લાય, વોટર બોર્ન ડીસીઝને ધ્યાને લઈ કુલ–૧૯ જેટલા પેરામીટર્સ નકકી કરી ભારતના કુલ ૪૨૩ કલાસ–૧ શહેરોમાં રીજીયન વાઈઝ સ્વતંત્ર એજન્સીઓ ધ્વારા સર્વે કામગીરી કરાવવામાં આવેલ હતી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ વર્ષની ઉજવણી અંતર્ગત તા. ૦૮/૦૫/૨૦૧૦ ના રોજ પ્રાથમિક શાળા, ઈ.ડબલ્યુ એસ.આવાસ, એચ–૧ બ્લોક, કોસાડ, સુરત ખાતે વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્ય લક્ષી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## માહે એપ્રિલ ૨૦૧૦ દરમ્યાન સ્મીમેર હોસ્પીટલ, સુરતની કામગીરી અંગેનો અહેવાલ

સ્મીમેર હોસ્પીટલમા માહે એપ્રિલ ૨૦૧૦ દરમ્યાન ૩૫૮૮ ઈન્ડોર તથા ૩૭૨૬૦ આઉટડોર પેશન્ટોને સારવાર આપવામાં આવી હતી. નાના ૭૪૩ તથા ૫૦૭ મોટા ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા. ૭૧૯૯ એક્ષ–રે પાડવામાં આવ્યા હતા. ટી.બી.ના નવા ૪૩૩ અને જુના ૪૪૦ દર્દીઓ સહીત કુલ ૮૭૩ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. દાંતના રોગો માટે કુલ ૧૪૮૦ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. ફીઝીયોથેરાપી વિભાગમાં કુલ ૧૨૬૬ તથા આંખ વિભાગમાં ૨૫૭૫ આઉટડોર દર્દીઓ નોંધાયા હતા. લેબોરેટરી વિભાગમાં કુલ ૧૨૦૨૧ દર્દીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) ની કામગીરી

વેસુ–આભવા રોડ પરના રે.સર્વે નં. ૪૧૦/૧,૪૧૦/૨,૪૧૫/૧ તથા રે.સર્વે નં. ૪૨૭ના અનુક્રમે ઓ.પી.નં. ૧૨૭/૧,૧૨૭/૨,૧૨૬ તથા ૧૨૫ની ૨૪.૦૦ મી.ના વેસુ–આભવા રોડની કપાત હેઠળની ૩૦૦ ચો.મી. તેમજ ઓ.પી. નં. ૧૨૫ ની ૪૫.૦૦ મી.ના વી.આઈ.પી. રોડની કપાત હેઠળની ૨૪૦૦ ચો.મી. જગ્યા મળી કુલ ૨૭૦૦ ચો.મી. રસ્તાની જગ્યા સહીત અનામત પ્લોટ નં. ૨૨૪ – "સ્કુલ" ના હેતુસરની ૮૦૦૫ ચો.મી. જગ્યાનો કબજો લેવામાં આવેલ છે. વધુમાં મોજે ઉમરા ગામતળના નોંધ નં. ૫૬ ત્ર ૫૭ માં મિલકતદાર ધ્વારા મંજુર પ્લાનથી વિરુધ્ધ કરવામાં આવેલ ઈંટ ચણતર તથા આર.સી.સી. સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ (આશરે ૪૦૦ ચો.ફુટ) દુર કરવામાં આવેલ છે. ઉપરોકત બંન્ને કામગીરી સાઉથ વેસ્ટ(અઠવા) ઝોન ધ્વારા ડે.કમિશ્નરશ્રી(સ્પે.) તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ઝોનના શહેરી વિકાસ વિભાગ તથા દબાણ સ્ટાફ ધ્વારા મેળવવામાં આવેલ છે.

સદરહું ૨૪.૦૦ મી. તથા ૪૫.૦૦ના રસ્તાની કપાત હેઠળની જગ્યાનો કબજો મળવવાના કારણે સુચિત ૪૫.૦૦ મી.ના વી.આઈ.પી. રસ્તા પર પાણીની લાઈન તેમજ સ્ટોમ ડ્રેનેજ નેટવર્કની અધુરી રહેતી કામગીરી પુર્ણ કરવા સહીત આ ૪૫.૦૦ મી.ના વી.આઈ.પી. રસ્તા પરથી ટ્રાફિકની સરળ અવર જવર શરૂ થવા પામેલ છે.

TOP

## કતારગામ અને રાંદેર ઝોનમાં ઓપરેશન હેલ્થ કેર અંતર્ગત ઝુંબેશ

સુ.મ.પા.ના કતારગામ અને રાંદેર ઝોનમાં ડે.કમિશનર(હે. એન્ડ હોસ્પિ.) તરફથી પ્રિમોન્સુન અને હેલ્થ કેર સંદર્ભે કરવામાં આવેલ હુકમ અનુસાર આ બંન્ને ઝોનમાં માહે એપ્રિલ–૨૦૧૦ દરમિયાન ઘનિષ્ઠ ઝુંબેશ સ્વરૂપે કામગીરી કરવામાં આવેલ અને તે દરમિયાન નીચે મુજબ પગલા લેવામાં આવેલ.

કતારગામ ઝોનમાં બરફગોળા/માટલા કુલ્ફીની ૩૮ લારીઓ બંધ કરાવી. સડેલા અને વધુ પડતા પાકી ગયેલા અને બિન આરોગ્યપ્રદ જણાતા ફળ ફળાદી–શાકભાજી કુલ ૭૬ કિ.ગ્રા.નો નાશ કરાવ્યો. હોટલ, રેસ્ટોરન્ટ, મીઠાઈ–ફરસાણની દુકાન અને કેરીના રસની દુકાન તથા અન્ય ખાદ્ય પદાર્થની ૬૧૪ સંસ્થા ચેક કરીને તે પૈકી ખામી યુકત જણાયેલ ૨૭૮ સંસ્થાઓને કાયદેસરની નોટીસ ફટકારવામાં આવેલ છે. અને સ્વચ્છતા રાખવા અંગે, વિવિધ બેદરકારી બદલ કુલ ૪૩૧ ઈસમો પાસેથી કુલ રૂા. ૫૦,૬૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. અને ઠંડા પીણા શેરડીના રસના વેચાણ માટે ડીસ્પોઝલ ગ્લાસને બદલે કાચના ગ્લાસનો ઉપયોગ કરતા લારીવાળા પાસેથી ૨૬૨ કાચના ગ્લાસ જપ્ત કરવામાં આવેલ છે.

રાંદેર ઝોનમાં બરફગોળા/માટલા કુલ્ફીની ૧૬૯ લારીઓ બંધ કરાવી. સડેલા અને વધુ પડતા પાકી ગયેલા અને બિન આરોગ્યપ્રદ જણાતા ફળફળાદી–શાકભાજી કુલ ૨૩૫૮ કિ.ગ્રા.નો નાશ કરાવ્યો. હોટલ, રેસ્ટોરન્ટ, મીઠાઈ– ફરસાણની દુકાન અને અન્ય ખાદ્ય પદાર્થની ૫૮૬ સંસ્થા ચેક કરીને તે પૈકી ખામી યુકત જણાયેલ ૩૯૦ સંસ્થાઓને કાયદેસરની નોટીસ ફટકારવામાં આવેલ છે. દુધની ડેરી/દુધ બનાવટની વેચાણ કરતી ૮૪૪ સંસ્થા ચેક કરી ૩૭૨ સંસ્થાઓને નોટીસ આપેલ છે. અને લગ્નની વાડી, પાર્ટી પ્લોટ, શૈક્ષણિક સંસ્થાઓ અને જાહેર–સરકારી સંસ્થાઓનાં કુલ–૧૭૨ મકાનોમાં,પીવાના પાણીની ટાંકીઓ ચેક કરી અને શુધ્ધ કરવા માટે નાગરીકોને કુલ ૬૬૫૦ જેટલી કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાંા આવેલ. તદ ઉપરાંત નાગરીકોનાં મકાનની ડ્રેનેજ લાઈનની ગલી ટ્રેપ ચોકીંગની કુલ–૭૯૪ ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો.

TOP

## ભારત સરકારશ્રીના "નેશનલ અર્બન સેનીટેશન પોલીસી" દ્વારા સેનીટેશનની કામગીરીમાં સુરત દેશમાં ત્રીજા ક્રમે આવ્યું

"નેશનલ અર્બન સેનીટેશન પોલીસી" ભારત સરકારશ્રી દ્વારા વર્ષ ૨૦૦૮માં જાહેર કરવામાં આવેલ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૦૯માં સેનીટેશનને લગતા જુદા જુદા ક્ષેત્રો જેવા કે ડ્રેનેજ, સુવરેજ, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, વોટર સપ્લાય, વોટર બોર્ન ડીસીઝને ધ્યાને લઈ કુલ–૧૯ જેટલા પેરામીટર્સ નકકી કરી ભારતના કુલ ૪૨૩ કલાસ–૧ શહેરોમાં રીજીયન વાઈઝ સ્વતંત્ર એજન્સીઓ દ્વારા સર્વે કામગીરી કરાવવામાં આવેલ હતી. આ સર્વેમાં મુખ્ય ત્રણ પેરામીટર્સને ધ્યાને રાખવામાં આવેલ છે.

(૧) આઉટપુટ રીલેટેડ પેરામીટર(જેમાં ઓપન ડેફીકેશન,એકસેસ ટુ ટોઈલેટ, રીસાઈકલીંગ ઓફ વેસ્ટ વોટરને મહત્વ આપવામાં આવ્યું છે.) – ૫૦ માર્કસ

(૨) પ્રોસેસ રીલેટેડ પેરામીટર (જેમાં સીવરેજ સીસ્ટમ, સ્ટોર્મવોટર સીસ્ટમ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ સીસ્ટમને ગણત્રીમાં લેવામાં આવેલ છે.)–૩૦ માર્કસ

(૩) આઉટકમ રીલેટેડ પેરામીટર્સ(જેમાં ખાસ કરીને વોટર કવોલીટી અને વોટરબોર્ન ડીસીઝમાં છેલ્લા વર્ષોમાં થયેલ ઘટાડાને અનુરૂપ માર્કીંગ રાખવામાં આવેલ.)–૨૦ માર્કસ

આ કામગીરીને અંતે દરેક શહેરોને કુલ ૧૦૦ ગુણમાંથી માર્કસ આપવામાં આવેલ હતા. જે મુજબ દરેક શહેરને રેન્કીંગ આપવા માટે તા.૧૦/૫/૨૦૧૦નાં રોજ નવી દિલ્હી, વિજ્ઞાન ભવન ખાતે મીનીસ્ટ્રી ઓફ ડેવલોપમેન્ટ દ્વારા વર્કશોપનું આયોજન કરેલ. જેમાં સુરત મહાનગરપાલિકા તરફથી ડો.એચ.એસ.દેસાઈ–ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિ.) તથા શ્રી ઈ.એચ.પઠાણ–સોલીડ વેસ્ટ મેનેજર હાજર રહેલ. આ વર્કશોપના અંતે મા.કેન્દ્રીય મંત્રીશ્રી શહેર વિકાસ શ્રી જયપાલ રેડ્ડીએ ૪૨૩ શહેરોના રેન્કીંગ જાહેર કર્યા હતા. આ રેન્કીંગના આધારે ચંદીગઢ શહેર સૌથી વધુ રેન્ક પ્રાપ્ત કરી સમગ્ર દેશમાં પ્રથમ રહયું છે. જયારે બીજા ક્રમે મૈસુર, ત્રીજા ક્રમે સુરત અને ચોથા ક્રમે ન્યૂ દિલ્હી શહેર રહયું છે. જયારે રાજસ્થાનના ચુરૂ શહેરને સૌથી ઓછા રેન્ક મળેલ છે.

આ અલગ અલગ પેરામીટર્સ માટે ડિસેમ્બર–૨૦૦૯ નું સ્ટેટસ ધ્યાને લેવામાં આવેલ છે. સુરત શહેરનો વેસ્ટન રીઝીયનમાં સમાવેશ થાય છે. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાન રાજયોના શહેરોનો સર્વે કરવામાં આવેલ હતો તથા આ ત્રણ રાજયોમાં સુરતનો ક્રમ પ્રથમ રહે છે.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ



સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વર્ણિમ ગુજરાત ૨૦૧૦ વર્ષની ઉજવણી અંતર્ગત તા. ૦૮/૦૫/૨૦૧૦ ના રોજ પ્રાથમિક શાળા, ઈ.ડબલ્યુ એસ.આવાસ, એચ–૧ બ્લોક, કોસાડ, સુરત ખાતે વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્ય લક્ષી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ,આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્મિતાબેન પટેલ, રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી સતિષભાઈ પટેલ,કોસાડ તથા કતારગામ વિસ્તારના મ્યુ.સદસ્યો શ્રીમતી કંચનબેન પ્રજાપતિ,શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ,શ્રી મનહરભાઈ પટેલ,ડૉ.જગદીશભાઈ પટેલ,શ્રી નીરંજનભાઈ ઝાંજમેરા,શ્રી પરષોત્તમભાઈ માંગુકીયા,શ્રી વિનુભાઈ મોરડીયા,શ્રીમતી રેણુકાબેન શાહ,આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પી.)ડો.હેમંત દેસાઈ,ઈ.ચા.ડે.કમિશનર શ્રી સી.વાય ભટ્ટ,કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી જયદીપસિંહ ચૌહાણ,કાર્યપાલક ઈજનેર(હાઉસીંગ)શ્રી ધનસુખ પટેલ,નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ.કે.આઈ.ખત્રી,નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડૉ.મહેન્દ્ર પટેલ,ડે.ઈજનેર(હાઉસીંગ) શ્રી.પી.આર.શાહ,ડે.ઈજનેર શ્રી ડી.પી.પટેલ,શ્રી નીતીન ચૌધરી,સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત,કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર તથા મોબાઈલ મેડીકલ ટીમના મેડીકલ ઓફીસર તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશનરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ.પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે,"સામાન્ય રીતે ઉનાળા દરમ્યાન પાણી જન્ય/પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદાજુદા ઝોનમાં આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન/સારવાર આપવામાં આવે છે.જે મુજબ આ વિસ્તારમાં કેમ્પ યોજવામાં આવ્યો છે જેનો લાભ લેવા તથા આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની સમજ મેળવી તેનો અમલ કરવા સ્થાનિક રહીશોને જણાવ્યુ હતું".

રૂગ્ણાલય અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી સતિષભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં આ વિસ્તારના રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા,આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા આ વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું.

**Continue …**

આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી સ્મિતાબેન પટેલે,પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે,''દરેક વ્યકિતએ જીવનમાં પોતાના આરોગ્યની કાળજી રાખવી જરૂરી છે. ચોમાસા દરમ્યાન રોગચાળા થવાની શકયતા રહેલી છે જેથી અત્રે યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું''.

શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતુ કે,સુરત મહાનગરપાલિકા શહેરીજનોની સુખાકારી માટે જાગૃત છે.શહેરને ''૦ સ્લમ'' બનાવવાના મહાનગરપાલિકા તથા શાસક પક્ષ પ્રયત્નશીલ છે.મધ્યમ તથા ગરીબ વર્ગના નાગરીકોને ઘરઆંગણે વિના મૂલ્યે તબીબી સારવારનો લાભ મળી રહે તે માટે ઘરઆંગણે આવા કેમ્પો યોજવામાં આવે છે જેમાં નિષ્ણાંત ડોકટરો મારફતે નિદાન કરી સારવાર આપવામાં આવે છે.આ વિસ્તારના રહીશોને મહાનગરપાલિકા તરફથી સારી સુવિધા આપવામાં આવી છે સાથે વિસ્તારને સુંદર અને સ્વચ્છ રાખવા,પાણીનો બગાડ ન કરવા,ગમે ત્યાં કચરો ન નાખવા તથા સંપીને રહેવાનો સંકલ્પ કરવા જણાવ્યું હતું.તેમજ બાળકોને યોગ્ય શિક્ષણ આપવા મા–બાપને અનુરોધ કર્યો હતો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ઈ.ડબલ્યુ એસ.આવાસ,કોસાડ તથા આજુ બાજુ વિસ્તારના ૨૦૧ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૭૦,ચામડીના નિષ્ણાત દ્વારા ૪૪,સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૧૩,બાળરોગ નિષ્ણાત દ્વારા ૩૦,ફિઝીશ્યન દ્વારા ૨૭,સર્જન દ્વારા ૧૭ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા.લેબ.ટેકનીશીયન દ્વારા ૧૨૦ તાવના દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા.૨૫ ઓ.આર.એસ.પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૭૯ દર્દીઓને વિશીષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૩૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૧૦૨,ઓરલ પીલ્સ ૧૨ પેકેટ,૨૭૦ આયર્ન ફોલીક એસીડ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રસીકરણ વિભાગ દ્વારા ૬ બાળકોને ડીપીટી,પોલીયો અને ઓરીની રસી આપવામાં આવી હતી તથા ૨૦૦૦ કલોરીન ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ.કમિશનર કુ.એસ.અપર્ણાના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ.ચા. ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પિ.) ડો.હેમંત દેસાઈના માર્ગદર્શન હેઠળ નાયબ આરોગ્ય અધિકારી ડો.કે.આઈ.ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

TOP